શ્રી ગણેશાયનમ

શ્રી જયમતિ નાટકનાં ગાયનો.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી વાંકાનેર નૃસિંહ નૌતમ નાટક સમાજ.

વેચાણુ લેનાર,

વીઠ્ઠલદાસ હેમજીભાઇ ભાવનગરવાળા

શ્રી વિજય નૌતમ નાટક સમાજના માલીક.

મુ. કરાચી.

ધી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પટેલ બીખાભાઈ છગનલાલે
છાપ્યાં. ઠે. રતનપોળમાં મરચીપોળ—અમદાવાદ.

આવૃતી ત્રીજી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩ સને ૧૯૧૭

કીંમત ૦—૨—૦

શ્રી જયમતિ નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્રો.

પ્રભાત	...	મણીપુરનો પાટવી કુમાર, જયમતિનો પતિ.
સજ્જનસીંહ....		પ્રભાતનો સાચો મિત્ર, અને મણીપુર રાજ્યનો વફાદાર પટાવત
હમ્મીરસીંહ	...	માંડવગઢના મહારાજા—જયમતિના પિતા.
રાયસીંહ	...	રાયપુરના મહારાજા.
રામસીંહ	...	રામપુરના રાજા.
ધૂર્તસીંહ	...	રાણી વસંતનો નિમકહરામ ભાઇ.
મનુભા	...	રાણી વસંતનો કુમાર, પ્રભાતનો ઓરમાનભાઇ
જીતસીંહ	...	મહારાજા હમ્મીરસીંહનો પ્રથમ નંબરનો પટાવત, પણ પાછળથી બ્હારવટીઆઓનો સરદાર.
જોરાવર	...	જીતસીંહનો સાથી—હમીરસીંહનો સત્ય નિમક સેનાધિપતિ.
દિવાન	...	રાયસીંહનો દિવાન.
ગાંડો કુંવર	...	રાયસીંહનો અર્ધદગ્ધ કુંવર.
તીકમો	...	ગાંડા કુમારનો હજુરી, રક્ષક.
કુમતીલાલ	...	એક વ્યભીચારી ધનાઢય વણીક, ધુર્તસીંહનો સલાહકાર મિત્ર.
ધનીયો	...	ધુર્તસીંહનો સત્ય નીમક—નોકર.
નિષ્ઠુરાનંદ	...	ગુપ્ત ચંડીનો ઉપાસક નીચ બ્રાહ્મણ.

સ્ત્રી પાત્રો.

જયમતિ ... મહારાજા હમ્મીરસીંહની પુત્રી, અને પ્રભાતની પવિત્ર પત્નિ.

મનોરમા ... રાજા રામસીંહની પુત્રી, અને સજ્જનસીંહની પવિત્ર પત્નિ.

ગુણવતી .... ધુર્તસીંહની સ્ત્રી, શુદ્ધ વીરક્ષત્રાણી.

વસંત ... મર્હુમ મહારાજા કનકસેનની નવી રાણી, મનુભાની માતા, પ્રભાતની અપરમાતા.

વનલીલા, સરલા ... જયમતીની સહચરીઓ.

વેલ્લી, રંભા, રમા ... મનોરમાની સાહેલીઓ.

ચાતુરી ... રાણી વસંતની એક ગાયકા.

એ સીવાય, સાહેલીઓ, સીપાઇઓ, બહારવટીઆઓ, રાજગોર પહેરગીરો, પ્રતિહારો, યોગી, ભૈરવનાથ, ભૂત, ડન્સરો, અને કંચનીઓ —વગેરે.

શ્રી

જયમતી.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક પહેલો.

મંગલાચરણ—પ્રારંભમાં સૂત્રધાર તથા બાળાઓ ઇશ્વરના ગુણાનુવાદ ને સતી ગુણગાન.

પ્રવેશ ૧ લો—મણિપુરના પાટવી કુમાર પ્રભાતના રાજ્ય મહાલયમાં તેના મિત્રને રાજ્યના વફાદાર પટાવત સજ્જનસિંહનું મિત્રના રક્ષણાર્થે આવવું પ્રભાતની સાવકી માતા વસંતે પોતાના કુમાર મનુભાને રાજ્યગાદી મળે તેની ખાતર તેના ધુતારોભાઇ ધુર્તસીંહની સલાહથી, એકજરના લોભી યોગી પાસે, પ્રભાતનો પ્રાણ લેવા કરાવેલા કાવતરાથી સજ્જનસીંહે પ્રભાતને વાકેફ કરવો. સ્મશાનમાં અધમ યોગીની નિમેલી જગ્યાએ પ્રભાતને આવવાની સુચના કરી સજ્જનસીંહનું જવું ને મિત્ર ધર્મમાં ફતેહમંદ થવું. પ્રભાતનું સ્મશાનમાં જવા સજ્જનસીંહનું જવું ને પાપીઓના પાપની પરાકાષ્ટાથી વિસ્મય થવું.

પ્રવેશ ૨ જો—ચાતુરીનું મકાન—ધુર્તસીંહની સાથે પ્રેમથી સંકળાયલી ચાતુરી આતુરતાથી ધુર્તસીંહના આગમનની રાહ જોઇ

રહી છે. છુપાઇ રહેલ્લો ધુર્તસીંહનો નોકર ધનીયો તેને બનાવે છે. એટલામાં ધુર્તસીંહ આવે છે. ચાતુરી અને ધુર્તસીંહ વસંતને વહેમમાં નાખવાની વાતચીત, યોગીનું આવવું, પ્રભાતનું કાસળ કાઢવાના ચોક્કસ નિશ્ચયમાં આવવું.

પ્રવેશ ૩ જો—સ્મશાન–યોગીએ સ્મશાનમાં આવી મંત્ર સાધના કરવી. ભુતના સરદારનું હાજર થવું. તેની મદદના બદલામાં મણીપુરના પાટવી કુમારનો બલી આપવાનું યોગીએ કબુલ કરવું ભુતનં ખુશ થવું. ને યોગ્ય વખતે આત્રવાનું કહી જવું ફરીથી ભૂતનું પ્રગટ થવું. અને પોતાના ઇષ્ટ ભૈરવનાથની આજ્ઞાથી ભૂતે યોગીને અધમ કાર્ય ન કરવા સુચવવું, યોગીએ ઇનકાર કરવા ભુતે ભૈરવાનથની પ્રાર્થના કરવી ભુતની સ્તુતિથી ભૈરવનાથનું પ્રગટ થવું, ભૈવવની આજ્ઞાથી સજ્જનસીંહે યોગીને ઠાર કરવો, ભૈરવે પ્રસન્ન થઇ પ્રભાતને તેના રક્ષણાર્થે એક દૈવી ત્રિશુળ આપવું ભૈરવનું અદ્રશ્ય થવું. - ટેબ્લો.

પ્રવેશ ૪ થો—રાજમાર્ગ સજ્જન તથા પ્રભાતનું અધર્મના સામ્રાજ્યમાંથી દુર થવાના નિશ્ચયપર આવવું, પોતાની પ્રિયાને મળવા આતુર થએલ્લા પ્રભાતનું પોતાના સસરાના રાજ્યમાં–ડવગઢ તરફ જવા સજ્જનને જણાવવું હજુ પણ ધુર્તસીંહના કાવતરાથી વસંત ન ફસાય અને ચેતી જાય તો રાજ્યની અને પ્રજાની આબાદી થાય તેવા વીચારથી

પ્રભાતનું વસંતના મહેલ તરફ પ્રયાણ કરવું, સજ્જનસીંહે પ્રભાત સાથે કરેલા સંકેત પ્રમાણે માંડવગઢના રસ્તે રવાના થવું.

પ્રવેશ ૫ મો—વસંત રાણીને મહેલ—ધુર્તસીંહના ભરમાવવાથી અસ્થિર મનની વસંતનું અઘોર કૃત્ય ન કરાવવા માટે ભ્રમિત થવું, ધુર્તસીંહે યુક્તિથી પ્રભાત માટે ખોટો ભાસ વસંતના મનમાં ઠસાવવો, પ્રભાતનું આવવું. ધુર્તનું ગભરાવું, પ્રભાતે રાજ્ય છોડીને જવા કહેવું. વસંતે કારણ પૂછવું, પ્રભાતે સ્મશાનમાં બનેલી બીના જણાવવી વડીલ વગરનું ઘર સ્મશાન સમાન છે. તે સાબીત કરી બતાવવું. નાના ભાઈ મનુભાનું તેની મામી ગુણવંતી સાથે આવવું, ભાઇને ભેટવું ચાલાક મનુભાનું ચેતીજવું મામાને ફિટકાર દેવો. પ્રભાતને ન જવા દેવાના મનુભાના કાલાવાલા એક વચની પ્રભાતે મનુભાને અલગ કરીને ચાલ્યા જવું.

પ્રવેશ ૬ ઠો—જંગલ—સજ્જનસીંહ પોતાના મિત્ર પ્રભાતને યાદ કરતો યોગી વેશે જંગલમાં પ્રવેશ કરે છે. એટલામાં રાજા રામસીંહની કુંવરી મનોરમા પોતાની સખી વેલી સાથે ત્યાં થઇને નીકળે છે. બ્હારવટીઆઓ તેના રથને ઘેરીને ઉભા છે મનોરમા અને વેલીની બચાવની બુમ સાંભળીને સજ્જનસીંહ તેની વારે ધાય છે, બ્હારવટીઆઓ નાસી જાય છે. સજ્જનસીંહ ઘાયલ થાય છે. અને બેશુદ્ધ થઇ પૃથ્વીપર પડી જાય છે. મનોરમા તથા વેલી તેને પાસેની ઝુંપડીમાં આરામ માટે લઇ

જાય છે ને તેને સુવાડીને સારવાર કરે છે. તેટલામાં રામપુરથી સીપાઇઓ આવી પહોંચે છે. વેલી તેમને હકીકત કહેવા જાય છે. દરમ્યાન મનોરમા સજ્જનની સારવાર :કરે છે. અને તેનું મોઢું જોતા મનોરમાને ભ્રાન્તિ થાય છે. વ્યંગથી પરસ્પર વાર્તા થતાં મનોરમાને દ્રઢ થાય છે કે આજ સજ્જનસીંહ છે. હવે સવારે મળી, વધારે શંકાનું સમાધાન કરશું એમ ધારી મનોરમા સુઇ જાય છે. શરીરે ઘાયલ થએલો યોગી, બન્નેને સુઇ ગયા જાણી, પ્રીતિવાળો છતાં ખુલ્લું પડવામાં દુઃખ થશે એમ ધારી સ્નેહાળ સુંદરીને ત્યાગીને ચાલ્યો જાય છે.

પ્રવેશ ૭ મો—રાજા હમીરસીંહ જયમતિનું જીતસીંહ સાથે થએલું વેવીશાળ તોડી નાખપવાથી, બહારવટીએ નીકળેલા જીતસીંહનું પોતાના સરદાર જોરાવર સાથે અરણ્યમાં આવવું. જયમતિને ઉપાડી લાવવાનો જીતસીંહનો વીચાર. જોરાવરનો તેમ ન કરવા માટે બોધ. જીતસીંહે તિરસ્કાર કરવો દરમ્યાન. તેના એક સાથીતે આવી જયમતી શીવ પૂજનાર્થે કુસુમ વાટિકામાં જવાની છે એમ તેનું કહેવું જીતસીંહે જયમતિને ઉપાડીલાવવા જોરાવરને આજ્ઞા કરવી. જોરાવરે ઇનકાર કરવો. જોરાવર અને જીતસીંહ વચ્ચે તડાતડ સત્ય નીંઠ જોરાવરનું ક્ષત્રિ ધર્મથી વિમુખ ન થતાં જીતસીંહનું જોર બેસાડી દેવાનું પણ લેવું.

પ્રવેશ ૮ મો—જયમતિનો ભેદ પામવા તેની પાછળ આવેલા પ્રભાતનું કુસુમ વાટિકામાં આવવું. જયમતિને સખીઓ સાથે આવતી જોઇ પ્રભાતનું મંદિર પાછળ સંતાવું. જયમતિએ પોતાના પતિના મેળાપ માટે શીવની પ્રાર્થના કરવી. વસંત રૂતુનો આનંદ—બહારવટીઆ જીતસીંહનું આવવું જયમતીની વ્હાર કરવા જોરાવરનું પ્રગટ થવું. લાગ ન મળવાથી જીતસીંહે જતા રહેવું. પ્રભાતનું દ્રશ્યમાન થવું. નાયક—નાયિકાનું પ્રથમ પ્રેમ દર્શન સખીઓએ જયમતિને પ્રભાત પાસેથી ખેંચીજઇ પતિ દેવની પૂજા કરવા સુગંધીદાર સુમનમાળા આપવી. અતિથીનો સત્કાર કરી જતા રહેવા માટે પ્રભાતનું રીસાવું—કુંજમાં તમારા કમળની ખબર કહાડવા ગઇ હતી. તેમ કહી આનંદથી સુમનની માળા સમર્પણ કરવી. પ્રભાતનું જવા માટે તૈયાર થવું. જયમતિની દીલગીરી. પ્રભાતે પોતાની મણી મુદ્રા જયમતીને યાદી તરીકે આપવી. સખીઓ સાથે જતી પાછુંવાળી જોતી જયમતિનું પ્રભાત સાથે તારા મૈત્રક.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—ધુર્તસીંહનું મકાન–પતિ પત્નિનો હાસ્યવિનોદ મદ્ય પાન કરી મસ્તબનેલા ધુર્તનું સૂઈ જવું ધુર્તસીંહનું નિશામાં મનુભાને ઠાર કરવા તથા મણીપુર પાય તખ્તપર પાય ધરવા બકવું. ગુણવંતીનું સાંભળવું. શુદ્ધ ક્ષત્રાણીનું પોતાના સ્વામીને અધર્મ માર્ગમાં પ્રવૃત થતો જોઇ ચમકવું. ગમે તે પ્રકારે મનુભાને ઉગારવા અને પતિને જાર કર્મમાંથી નિવૃત્ત કરવા માટે પણ લેવું. ધુર્તસીંહના વ્યસની દોસ્ત કુમતિલાલનું આવવું. ધુર્ત સીંહ રાજા થશે એમ ધારી મુબારકબાદી આપવી. અને અને આ ખુશાલીના પ્રસંગમાં ધનીયા મારફતે ચાતુરીને બોલાવવી. સર્વનું અમન ચમનમાં ગુલતાન બનવું.

પ્રવેશ ૨ જો—વસંત મહાલય–નિર્દોષ મનુભાના બચાવ માટે ગુણવતીનું અગાઉથી આવી સંતાવું. ધુર્તસીંહે આવી કૂમળા બાળક મનુભાના પ્રાણ લેવાની કોશીષ કરવી. ગુણવતીએ તેને અટકાવવો પતિ પત્નિનો સંવાદ–દાસી વસંત રાણીને બોલાવી લાવે છે. ધુર્તસીંહ ગુણવતીને મારવા ધસે છે. દરમ્યાન વસત આવી પહોંચે છે ધુર્તસીહનું અપમાન કરી કાઢી મૂકે છે. મનુભા જાગ્રત થાય છે. ગુણીયલ ગુણવતીની સલાહથી વસંત રાણી પ્રભ તની તપાસ માટે માંડવગઢ તરફ સવારો સાથે મનુભાને મોકલે છે. વસંતનો અફસોસ.

૬૨૦૩૮

પ્રવેશ ૩ જો—યોગીથી (સજ્જનસીંહથી) જુદી પડેલી મનોરમા પોતાના મહાલયમાં યોગીની જપમાળા જપી રહી છે. તેની સાહેલીઓ તેને સમજાવે છે પણ સજ્જનસીંહ સીવાય અન્ય સાથે પાણી ગ્રહણ નહિ કરૂં એમ કહી ગુસ્સે થઇ ચાલી જાય છે. સમવયસ્કી સાહેલીઓની અરસપરસની હાંસી મશ્કરી.

પ્રવેશ ૪ થો—મનોરમાને પરણવા આવેલો રાયસીંહનો ગાંડો કુંવર તીકમા હજુરી સાથે ઉપાધીના ઓઘવાળે છે. તોરણ જવાનો વખત નજદીક આવ્યો જાણી રાજા આવી કુંવરને જગાડી કપડાં પહેરાવવા કહે છે પણ ગાંડો હોવાથી મારે બદલે તમે જાઓ અને મને સુવા દો. એવા ગાંડા શબ્દો બોલે છે. રાજા રાયસીંહ આ ઉપાધીની દિવાન સાથે વાતચીત કરે છે. અને આ ગાંડા કુંવરને બદલે કોઇ પરદેશીને પકડી લાવી પરણાવી દેવા નિશ્ચય કરી આ કામ માટે દિવાનને રવાના કરેછે.

પ્રવેશ ૫ મો—રામપુર નજીકના જંગલમાં વીચરતા યોગી (સજ્જનસીંહ) સાથે દિવાનનો મેળાપ, દિવાન તેને પોતાને ઉતારે લઇ જવા આગ્રહ કરે છે. પણ સજ્જન માનતો નથી. જેથી દિવાન તેને ખુલ્લી હકીકતથી વાકેફ કરે છે. રાજયોગી ભવિષ્યને ધન્યવાદ આપી મનોરમા સાથે પરણવાની 'હા' પાડે છે. અને દિવાન સાથે જાનને ઉતારે જાય છે.

પ્રવેશ ૬ ઠો—ધુર્તસીંહનું મકાન—વસંતરાણીએ કરેલા અપમાનથી ક્રોધિત થઇ વેરનો બદલો લેવાના વિચારમાં ધુર્તસીંહ ધનીયા મારફતે ચાતુરીને બોલાવવી—બન્ને જણીએ મણીપુર ત્યાગી, કુમતિલોલને સાથે લઈ નાસી જવાની તેયારી કરવી કુમતિલાલ હામાં હા મીલાવી તૈયાર થાય છે અને ત્રણે જણાં બહારગામ નાસી જાય છે.

પ્રવેશ ૭ મો—પ્રભુની કુદરતને ધન્યવાદ આપતો યોગી (સજ્જનસીંહ) વરરાજાના રૂપમાં રાયસીંહના અંતઃપુરના એક શણગારેલ શયનભૂવનમાં પ્રવેશ કરેછે. દરમ્યાન સખીઓ મનોરમાને ત્યાં મૂકીને ચાલી જાય છે મનોરમા અને યોગીનું દ્રષ્ટિ મિલન થતાં મનોરમા તેને પિછાણી જાય છે. સજ્જનસીંહ પણ તેને પોતાની તમામ હકીકતથી વાકેફ કરેછે. પરંતુ રાયસીંહના હાથમાંથી છીનવી લેવાની પોતાની શક્તિ ન હોવાથી મનોરમાને છોડી જવા કરૂણ વચનોથી વાતચીત કરેછે. દરમ્યાન દીવાન બોલાવે એવી દાસી દ્વારા ખબર મળતાં ટળવળતી મનોરમાને શરીરથી અલગ કરી સજ્જનસીંહ રવાના થાયછે

પ્રવેશ ૮ મો—જાનને ઉતારે રાજા રાયસીંહ તથા દીવાન પરણવા આવેલા યોગીને દૂર વિદાય કર્યા સંબંધી તેમજ કુંવરને છુપો રાખવા સંબધી વાત કરેછે દરમ્યાન રાયસીંહનો રાજગોર આવવાના સીપાઈ ખબર આપે છે. જેથી રાયસીંહ દિવાનને જવાબ દેવાનું કામ સોંપી અંદર ચાલ્યો જાયછે. રાજગોર આવી દીવાન પાસે કુંવ-

રને જોવાની માગણી કરેછે. અને જાન વળાવતી વખતે વરરાજાને મોકલવા માટે વિનંતી કરે છે. પરંતુ દીવાન તે મંજુર રાખતો નથી જેથી ગોર દિવાનની સાથે ખુલ્લા શબ્દોમાં તકરાર કરી ચાલ્યો જાય છે.

પ્રવેશ ૯ મો—રાયસીંહ રાજા મનોરમાની સખી વેલી સાથે ગોગી સંબંધી વાતચીત કરેછે. દરમ્યાન ગોર આવી ખબર આપે છે કે કુંવરને બતાવતા નથી અને કન્યાને બલાત્કારે ઉપાડી જવા હામ ભીડે છે. આ ખબર સાંભળીને રાયસીંહ દીલગીર થાયછે. અને રાજા રાયસીંહ આવો નીચ નીવડયો. જાણી પશ્ચાતાપ કરેછે. દરમ્યાન દોઢીનો પ્રતિહારી પોકાર કરીને ખબર આપે છે કે જાનના સાપાઇઓ એ દોઢીના માણસોને ઠાર કર્યા. અને અંદર ધસી આવ્યાછે. આ ખબર સાંભળીને રામસીહ લડવા માટે તૈયાર થાયછે સવારો સાથે દિવાન પ્રવેશ કરે છે તેની સામે વેલી અને મનોરમા યુદ્ધ કરેછે. મનોરમાને હાથે દીવાનનું મૃત્યુ થાય છે. પછી મનોરમા ભગવાં વસ્ત્ર ધારણ કરી યુદ્ધમાંથી પલાયન થાય છે. ત્યારબાદ રામસીહ અને રાયસીંહ એ બે રાજાઓ વચ્ચે ઘોર યુદ્ધ થાય છે. જેમાં રામસીંહનું મૃત્યુ થાય છે.

ટેબલો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—સીંધુસદન મહેલ—સમુદ્ર તીરે આવેલા સીંધુસદન મહેલમાં જયમતિ તથા સખીઓ સામે તીરે પર્વતની ટેકરી પર પ્રભાતનું આવવું. જયમતિનું સખીઓથી તે જાણવું. નાયક નાયિકાની દ્રષ્ટદ્રષ્ટ—પ્રભાત નાવડામાં બેસી સીંધુસદન મહેલમાં આવવા નીકળેછે. અસ્ત થતા ચંદ્રને પોતાના પતિ આવતાં સુધી થોભવાને જયમતિ આજીજી કરેછે દરમ્યાન બહારવટીઓ જીતસીંહ દાવસાધી સૈન્ય સહ આવી લાગે છે પ્રભાત બેશુદ્ધ થઈ નાવડામાં પડી જાયછે. અને જીતસીંહ જયમતિને કેદ કરી લેછે.

પ્રવેશ ૨ જો—યુદ્ધમાંથી ચાલી આવેલી મનોરમા યોગીની વેશમાં નિષ્ઠુરાનંદના હાથમાં સપડાય છે. નિષ્ઠુરાનંદ તેના પર બલાત્કાર ગુજારવા જતાં અચાનક સજ્જનસીંહના આવી લાગવાથી પલાયન કરી જાયછે. સજ્જન અને મનોરમાનો ફરીથી પ્રણય મિલાપ થાયછે, અને પ્રિયમિત્ર પ્રભાતના શોધમાં પતિપત્નિ વિદાય થાય છે.

પ્રવેશ ૩ જો—નાવડામાં બેશુદ્ધ બનેલો પ્રભાત જાગૃત થતાં એક અરણ્યમાં આવે છે. અને વિશ્રાન્તિ અર્થે વૃક્ષની છાયા નીચે સૂઈ જાય છે ત્યાં અજગર તેને ગળી જાયછે. દરમ્યાન સજ્જન અને મનોરમા ત્યાં થઇને પસાર થતાં અજગરને ચીરી સજ્જનસીંહ પ્રભાતને બચાવે છે. વિખુટા પડેલા સ્નેહી મિત્રોનો દૈવી કૃપાથી આમ અચાનક મેળાપ થાય છે. દરમ્યાન જોરાવરસીંહ આવી પહોંચે છે.

જયમતિ કેદ પકડાયાના સમાચાર આપે છે. જેથી સર્વ જયમતિના બચાવ માટે ગુફા તરફ રવાના થાયછે.

પ્રવેશ ૪ થો—ગુફામાં જયમતિપર જીતસીંહનો અત્યાચાર—જયમતિની પવિત્રતા અને દ્રઢ નિશ્ચય પહેરેગીરના સખ્ત જાપતા નીચે જયમતિને કોટડીમાં પૂરીને જીતસીંહ બહાર જાય છે. પ્રભાત વગેરે આવી લાગે છે. પ્રભાત અને જયમતિની પ્રેમી મુલાકાત થાય છે. જીતસીંહ પાછો આવે છે. પ્રભાતને જોતાંજ ઉશ્કેરાઇ જાય છે. દરમ્યાન ધુર્તસીંહ પણ ત્યાં આવી પહોંચે છે. અને પ્રભાત સામે યુદ્ધમાં ઉતરે છે. પ્રભાત, સજ્જન, જોરાવર અને ધુર્તસીંહ જીતસીંહનું દારૂણ યુદ્ધ—જીતસીંહનું મૃત્યુ તેમને ધુર્તસીંહ કેદ.

પ્રવેશ ૫ મો—જંગલ માર્ગ—સજ્જન અને મનોરમા—તથા જયમતિ અને પ્રભાત—ઉભય દંપતિ યુગલોનો અરસ્પરસ પ્રેમ-વિનોદ દરમ્યાન મોટાભાઇને શોધતા મનુભાનું આવી લાગવું. માફી માગી ભાઇને મણીપુર આવવા કહેવું. મનુભાની વિનંતી માન્ય રાખી સર્વનું મણીપુર તરફ રવાના થવું.

પ્રવેશ ૬ ઠો—ચાતુરીપર આશક બનેલો કુમતિલાલનું ધનીયાદ્વારા મજેદાર કોમિક ધૂર્તસીંહ કેદ પકડાયાના સમાચાર જાણતાં કુમતિ અને ચાતુરીનો રંગુન નાસી જવાનો નિશ્ચય—પાપીઓની પાપ ધારણાપર ધનીયાનો ધિક્કાર—અને નોકરી છોડીને વિદાયગીરી—ચાતુરી અને કુમતિલાલની ખુશાલી

પ્રવેશ ૭ મો—રાજ્ય દરબાર-મણીપુરની રાજગાદીપર પ્રભાત-કેદી તરીકે ધૂર્તસીંહ-વસંતનો અફસોસ—ગુણવતીની વિનંતી પરથી ધૂર્તસીંહ બંધન મુક્ત-ધૂર્તસીંહનો પશ્ચાતાપ-ગુણવતીને ધન્યવાદ—સજ્જનસીંહની સેવા બદલ તેને પ્રથમ નંબરના પટાવતની જગાએ પદારોપણ, બાદ સર્વના આનંદ સાથે નાટકની પૂર્ણાહુતિ.

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

શ્રીજયમતિનાટકનાં

ગાયનો.

મંગલાચરણ.

સૂત્રધાર— ૧

શ્રી વિષ્ણુ શ્રી કૃષ્ણુ મોરારી,
અગમ નિગમ લીલા વિસ્તારી;
કંસ વિદારી મોરલી ધારી........
પુરણુ પરમાનંદ કંદ
અખંડ આનંદ નંદન નંદ,
ત્રિવિધ તાપ, હુર અમાપ;
શ્રીધર માધવ ગીરીવર ગિરીધારી.....શ્રી.

બાળાઓ— ૨

ચાલો જઇએ સતી સમ થઇએ,
રે લા'વો લઇએ વનિતાનો આજ:
પ્રિયતમનું રાજ, સતીનું શુભ કાજ.
શુભ થાઓ મહારાજ—(૨)...ચાલો૦
લઇએ સતી શુભ નામનો, લા'વો આજ રસાળ,
ભાવટ ભાગી ભૂધરા, ચૌદલોક પ્રતિપાળ;
જોડી જુક્તિથી તેજ જાત, ચંદ્રવિનાની રાત.
ઝુરી કરે. અશ્રુપાત—ચાલો૦

સજ્જનસિંહ— ૩

આ દુનિયામાં અક્ષય સુખ સાચું છે મિત્ર,
સદ્ મિત્રએ પ્રભુની પ્રભુતાનુ ચિત્ર...આ૦
આવે મિઠાશ એ બે અક્ષર બોલતાં,
ટળે તાપ ઉભયનાં અંતર ખોલતાં;
સાથી મિત્ર પદ પવિત્ર છે........આ૦

પ્રભાત— ૪

આહા ! આશી ઘટના પ્રભુ તારી;
મધુરી મધુરી પણ છેક નિરાળી...આહા.
સુધાકર જેવા સંત શ્રદ્ધાળુ,
નિશદિન જપતાં નામજ તારૂં......આહા.
તો પણ તાપ ત્રિવિધે ભારી,
બળતા દેખું હું સહુ નરનારી......આહા૦

ચાતુરી— ૫

મારા ઉરમાં આનંદની હેલી—નસેનસ રેલી (૨)
પ્રાણુ ચંપોને હું ચંબેલી—(૨)
નાર નવેલી, પ્રેમઘેલી—(૨)—મારા૦
પ્રેમી પોપટ પ્રીતે પઢાવુ—(૨)
મનહર મારાને રીઝાવું—(૨)—મારા૦

ધનીયો— ૬

બુરી બુરી સહુ ઈસકબાજી બનાવે પલમાં પાજી સહુને ઇસકબાજી
સહુ દુનિયાંથી સંપત જાવે, ભાઈ બાપથી વેર ભજાવે
દુરાચારીની છાપે છાપી લાખોવાર લજાવો
ધન જાયે મન જાયે તન લાજી—બુરી૦

નિતીનો રસ્તો ચુકાવે, પ્રમદાની પ્રીતિ મુકાવે
ગદ્ધા સમ અવતાર ગુમાવે ઉત્તમ સંગ અભાવે
કરે ખાલી પખાલી સમ પતરાજી
ભય સ્થાનકનું ભાન ભુલાવે લુહારના લોઢા સમતાવે
જગ દર્શનને મોટે મેળે નકટો કરી નચાવે
બહુ હરાવે કરાવે હાંજી હાજી—બુરી૦

સજ્જન—　　　　　　　　૭

સાચાને અંતે શ્રી હરીની સહાય છે
સાચાને પણ સદૈવ તાવે
એ જગની નીતિ
સકળ વિશ્વમાં અજબ દીઠી
એ પ્રભુની રીતિ—　　　　સાચાને૦

મનુભા—　　　　　　　　૮

ભાઇ મેલી મુજને ના જશો　　(૨)
મારા રંક તણા રખવાળ, કોણ કરશે મારી વ્હાર-મેલી૦
સગાં સંબંધી હોય ભલે પણ જોડી નહિં જડશે
કયાંઈ પણ જોડી નહિં જડશે.
ભાઇ ભાઇ કહી જીભ અમારી કંટક થઇ પડશે
ભાઈનું વ્હાલ ન વિસરશે—મેલી૦
પ્રભાત—રાખ ભરૂંસો વિશ્વંભરનો શ્રદ્ધાથી ફળશે.
ભાઇ સૌ શ્રદ્ધાથી ફળશે
જગના દાતા સદૈવ તારૂં રક્ષણ એ કરશે
ભાઈ શ્રી હરી સારૂં કરશે—મેલી૦

મનોરમા— ૯

પ્રિતીની કયારીમાં પરદેશી ત્યાગી શું
જાગી જો જાગી યોગી, રાગી થયો ત્યાગી શું ?
દેખીને દીલ મારૂં આજે લોભાય છે
આનંદના ઉમળકાની છોળો ઉભરાય છે—પ્રિતીની૦
વસંત વિકાસી વ્હાલા, સમીર ફુકાય છે.
વેલી—તારો છે સદાનો શાણી, શાને ભૂલ ખાય છે—પ્રિ૦

સજ્જનસીંહ— ૧૦

મનોહારી મારી મોહિની—જાઉં જાલીમ બની
સ્નેહ છતાં તને છોડું છું સ્યામારે
વખત પડી વિછોહની— મનોહારી૦
કરજે નહિં તું કલેશથી કામારે
દિનપર દ્રષ્ટિ દ્રોહની— મનોહારી૦

જોરાવર— ૧૧

નવ શોભે ક્ષત્રી તનને બોલે આવી વાણ
છોડીદે ગુમાન, કહ્યું મારૂં માન
ખોટા કાવાદાવા થકી રણમાં રઝળશે
કામી કુબુદ્ધિ કરમાં કરમાં
જીતસીંહ—માન મુકી હજુ માન નહિં તો રવડશે
વાણુ મોતે તું મરશે મરશે—શોભે૦
જોરાવર—લેખ લલાટે લખ્યો નહિં કોદી ફરશે,
સત્યતા આખર તરશે—તરશે સોભે૦

પ્રભાત— ૧૨

પ્રિય ક્યાં મળશે મૃગનયની
મૃદુચાલ હંસા ગમનિ........પ્રિય૦
કુમળ કળી કરી રાન રઝળતી જંગલે જ્યોત હૃદયની
તેજ કુમળપર ગાય પંખીડાં બ્રહ્મ લીલા ભૂધરની...પ્રિય૦

જયમતિ— ૧૩

રૂડી પુષ્પ પરાગે મ્હેકતી—ફુલવાડી છે (૨)
જળ સિંચતા વનમાળી છે—ફુલવાડી છે (૨)
હરિયાળી નવ પલ્લવવાળી ઓઢી લીલી સાડી છે
સજની રજની શરદ પુનમશી ખીલી શી રૂપાળી છે-રૂડી
સખીઓ—પૂર્વ પુન્ય પ્રભાતથી પ્રેમ પેદા થાય છે.
પ્રેમ પ્રભા નવ રંગથી ચુંદડીઓ ભીંજાય છે—રૂડી

જયમતિ—સખીઓ— ૧૪

જોને ઝુલે વસંત—(૨)
વાટ જુએ છે ઋતુ રાજની.
રસ ભોગી વિહારી રસ રાજની.....જોને
મલ્લિકા વિંટળાઇને નમી નમી ઝોલાં ખાય
શોભા નિરખો વસંતની ખીલ્યાં કુસુમ સુહાય-
ખીલી ખીલી સીંચે મધુર પ્યારરે,
નજરે નિહાળી મુરતી,
વીલી વીલી થતી સુકુમારરે—
વનમાં પપૈયા ઝુરતી.
શયન સુની વિહારી થયા ક્રુર ક્રુર
કાંઈ જાણી નવ દ:ઝ—(૨)—વાટ૦

સખીઓ—   ૧૫

હિવ્ય દર્શન દીધાં દુરવાટમાં, દેવ ચાલો અમારી સાથમાં
તમે પરદુઃખ ભંજન છો પરમાર્થે દેવ......ચાલો૦
ઓચિંતા પધાર્યા હરી વિપત્તિને વામીયાં
જીવન આધાર સંત શાન્તિને પામીઆં
પુરા પ્રવીણ છો પુરૂષાર્થમાં દેવ . ...ચાલો૦

પ્રભાત—ઉર્મિકા ઉરની આ રમણી હૃદયે ધરો
જયમતિ—પામી પ્રસંગ પ્રાણ આનંદથી પરવરો
સખીઓ—હા, હવે જાણ્યુ
જયમતિ—વારૂ, ઠીક
સખીઓ—કરી ઠીક, તજી બીક નયન મીચે તું શીદ (૩)
વારે વારે જીવે છે શું સ્વાર્થમાં દેવ......ચાલો૦



અંક બીજો.

ધુર્તસીંહ— ૧૬

અ:ઉ ભાગ્યશાળી ભારી, સર્વને સંહારી, રાજ્ય કરૂં નિરધાર
પૈસાની પાજ જનસમાજ, કરશે મારા કાજ,
જઇ છેતરી છળું, નવ બીક કઇ ધરૂં
દીલ ખુશ થઈ ફરૂં, છોડી કુળ માન લાજ—પૈ ૦
અસ્ત્ર શસ્ત્ર સાથ લઇ, પાય તખ્તપર ધરી, સ્વાર્થ સિદ્ધને વરી
જમાવું અજબ બહાર— પૈસા૦

ચાતુરી— ૧૭

જાગી પ્રેમ જયોત જાગી, વ્હાલા જાગીરે
જાગી ઝટ ઉંઘથી, હઠીલી બાળા જાગીરે
વૃક્ષની વેલી, મેલી અકેલી
પૂછે તે બાળ ભોળી, કયાં છે વનમાળી,
ધરીને વિનવે વર ચરણુ ધરણુ પર— જાગી૦

વસંત— ૧૮

વિશ્વાસે કુટાતા જગજન વિશ્વાસે ન રહેશો કોઇને
જયા ત્યાં ખટપટીઆ ફાવી જાતા અંતે રહેશો રોઇને
પીયરીયાં પણુ એવાં પાકે, ભાઇ બ્હેનનું નખોદ તાકે,
અધર્મનો ઘટ ફુટી જાશે પાપી રહેશે જોઇને—વિશ્વાસે૦
સ્વાર્થમાં સૌ જાયે તણાયું, હાએ હા ભણી ગાય છે ગાયું
પ્રપંચીઓ પુરા પસ્તાશે આખર આંસુ લોહીને—વિશ્વાસે.

મનોરમા— ૧૯

મમ વલ્લભ વર્ષા આવી (૨)
તનડા મનડાની વિરહી જનનાં, કરે સ.ફ વિભુતિ સળગાવી-મમ.

ઘન ગરજે લરજે મુજ તનડું ચપળા તન રક્ત કરે તાવી-મમ.
દઇ ધીરજ જાતા રહ્યા જોગી ભોગી બની મુજને ભરમાવી-મમ.
હવે આવી મળો અલબેલા અમને હૃદયમાં રહેમ જરા લાવી-મમ

રમા— ૨૦

હું ચાલું લચકતી ચાલરે—ગજ ગમની (૩)
સોહે બાહુ ભાલ વિશાળરે હંસાગમની—(૩)
નયન તણે નખરે નચવું છું નાથને
સખીઓ—નાની શું પરખે પ્રેમીના પાઠને
રંમા— હું તો બધુંયે પરખું છું
સખીઓ—પેખી પ્રિયતમ પ્યાર, તું ગઇ ખુબ ચળી-(૩) હું

સજ્જનસીંહ— ૨૧

દિનની દયા દિલધાર દયાળુ દિનની દયા દિલધાર
દુઃખીયાની કર વ્હાર— દયાળુ૦
શોધી વળ્યો ગીરી ગેબી ગુફાઓ
મળી નહિ મિત્રની ભાળ— દયાળુ૦
પ્રાણ સમા પ્રિય જન વીણ લાગે
આ સંસાર અસાર— દયાળુ૦

ચાતુરી— ૨૨

કિસકી અદાસે તેને જલવા દિખાકે મારા, (૨)
હાજર મેં હો ચુકી હું ફીર કયું બનાકે મારા—કિસકી.
આંખોમેં તેરે જાલીમ, છુરી છુપી હુઇ હૈ
છુરી લગાકે મારા (૨)..........................કિસકી.
બુલબુલ કે યાર તેને, ગુલમેં છુપાકે મારા
ખંજર લગાકે મારા (૨) ....કિસકી.

સજ્જન— ૨૩

શ્રી જગત પતિયે તુજ કૃતિ અતિ ચમત્કારી
નહીં પહોંચે મતિ જરી મ્હારી—શ્રી૦
અવર પુરૂષ વરવાને આવ્યો તેને કર્યો અવિચારી
વરને બદલ વિતરાગી વરાવ્યો, તુજપર જાઉં બલિહારી—શ્રી

સખીઓ— ૨૪

સખી મારી પ્રાણથી પ્યારી તું સુખકારી.
શીખ અમારી, ઉરમાં ધારી, રીઝાવીલે ઝટ રાજ—સખી
પ્રાંણુ પતિને ધરી રતિ પા પ્રેમનું પાણીરે,
ચાલ, ચાલ, ચાલ, ચાલ,
ચાલ રસીલી, ચાલ હસિલી, આનંદ ઘેલી,
મદ છકેલી, છેલ છબીલી, ઉભી અકેલી શું આજ–સખી

મનોરમા— ૨૫

જોયા જોયા જોગીરાજ છબીલા, શાને ભ્રમાવી આ ભૂલથી,
ખોટાં ખોટાં નામ આપી છબીલી, શાને પીડી દુઃખ શુળથી
સજ્જન—પ્યારી રસીલી હસીલી છબીલી સાચો તારો પ્યાર
મેં લખ્યો
અંતરમાં રાખીં રહીતી છબીલી, એથી મને તે જ ઓળખ્યો
મનોરમા—જોવા ખરો પ્રેમ મારો છબીલા, બેઠા ભલે સ્નેહ સાચવી
ભારે માયામાં ભ્રમાવી છબીલા, છળથી રમ્યા છેલ રાજવી

સજ્જન— ૨૬

તજી તારી સ્રી હઠ રાજબાળા હૃદય જવાળ શમાવી છે
પ્રેમ દીપક પરસ્પરનો પળ ભરે બુઝાવી દે

રહે ધીરધારી પ્યારી મારો હ   હિતકારી ખરો
લાજ રાખે લક્ષ્મીવર એ શોકને તું કર પરો
મનોરમા—મુકી મુજને નહિં જાઓ (૨)
સજ્જન—સુણી ગોરી ન ગભરાઓ, સમય સમજી તમે જાઓ
મુકી મુજને૦
મનોરમા—ચિતડાના ચોર રાજ, મોહિની લગાડી રાજ
દયા દાસી પરે લાવો, મુકી મુજને૦
સજ્જન—કમળા કાન્ત કરૂણા કરશે, ફરીથી આપણને મેળવશે
નાથ ન મેરા ન થાઓ—મુકી મુજને૦

સખીઓ— ૨૭

જા જાને અલી વરઘેલી પ્રિયતમ સંગમાં સાહેલી (૨)
છાની છાની ગુંજો કરતાં શાને લાજતી મદઘેલી (૨)
રસિકા રસબસ થાઓ
જયમતિ—શાને મને બનાવો (૨)
સખીઓ—રસિયાને જઈ રીઝાવો, પાવો પ્રેમરસ વેલી (૨)
જા જાને૦
હા, હવે અમે તો જઇશું ગુંજો ગીતડાં અલબેલી. (૨)
જા જાને૦

અંક ત્રીજો.

જયમતી— ૨૮

ચંદ્ર જરી જાતાં જાતાં તો જાપુ થોભ
મારે હૈડે ઝુલાવું તને પુલડે વધાવું, (૨)
જરા થોભ—ચંદ્ર૦
કોઇ કોઇની બેલડીઓ તૂટી જશે (૩)
કોઈના રાસ અધુરા રહી જશે
બહુ માની જરા થોભ—ચંદ્ર૦

મનોરમા— ૨૯

હંસા તારે તો જવાનું પેલે ધામરે, જયાં સ્વર્ગિય ક્રિડા રાજતી
દેવને દાનવ સરવે ભુલારે ભમે છે હંસા,
પણ ન પહોંચે કોની હામરે, જયાં દેવી બાલા યાચતી-હંસાં.
પ્રેમી થઈ તપાસે મળશે, અમૃત સરોવર હંસા
જેનો કાંઠો રામ નામરે જયાં અનુપમ પરીઓ નાચતી-હંસા.

મનોરમા— ૩૦

રહે દુર, રહે દુર, રહે દુરરે રહે દુર,
ઓ અસુર નથાક્રુર, ખોશે નુર. પાપી પુર, અનીતિ ભરી ઉર
જાશે નામ જરીર ઉડી આકને તુર,
ધારી હરીને હજુર દુષ્ટતાથીરે દુર,
નીચ થામાં નિષ્ઠુર—રહે દુર.
નિષ્ઠુરા—તું વિચાર કર પ્યાર, ખ્વાર દીવદાર મને કર ભરથાર

મનોરમા— પરનારીથી; પ્યાર ચાહે કરવા ગમાર
નિષ્ઠુર—મારમાં નેણુમાર, હું બન્યો છું લાચાર,
મનોરમા—પાપી તુજને ધિક્કાર.........રહે દુર.

સજ્જન— 31
જગમાં સુમિત્રની જોડી, ભારી, અંધ તણી એ
આધારી—જગમાં૦
મિત્રધર્મ એ નાવ તરવાનું,
દ્વાર છે સ્વર્ગે જવાનું—જગમાં૦
જર જીવ જોબન સૌ દુર થાશે
મિત્રતા કદી નહિં જાશે—જગમાં૦

જયમતિ— ૩૨
વ્હાલા વિહારી વીના જીવતર સુનું આ,
લાગે અકારૂં આ. જીવતર ખારૂં,
ગમે ના રાજ્ય સુનું આ—વિહારી૦
ઘટે ન કરવું આવું વિલાસી વિયોગી થાવું
પ્રિયતમ ફળ આવું હૃદય દાન દીધાનું આ—વિહારી૦

જયમતિ— ૩૩
આ હીણુ ભાગી બાળા પ્રણમે પિતુજી મારા,
ઠગી થાપ દઇ ઠગારા, છટકી આ દિનદ્વારા—
મીઠા યૌવનના ભોગી વિલાસી જોઈ અંતરમાં કાંઇ કાંઇ
થાય છે
દૈવી કુસુમે પ્રિય કાન્તને વધાવવાનું આતુર પ્રવાસી મન
ન્હાય છે

પ્રભાત—સુખદ સાર, પ્રિય હૃદય ધાર
જયમતિ—આં......શરણુ બાળ તારા—આ૦

મનોરમા— ૩૪

મંજુલ મનોરમ કુંજ નિકુંજમાં કાન્ત કમળ વિકસાવો
સજ્જન-તું ધીમી (૨) ડગભર બાળ સુકોમળ શરમાવો શરમાવો
મનોરમા-પરિમલ વાળો પુષ્પ હાર આ પહેરાવું ભગવાન
ગણી અંતરની ઓળખાણુ પ્રાણુ આ સ્વીકારો સન્માન
સજ્જન—સ્વર્ગ સુંદરી દિવ્ય અનુપમ અધર સુધારસ પાવો
રસ પાવો.........................મંજુલ૦

ચાતુરી— ૩૫

ફાલ્યો પુલી ફાલ્યો જોબન તણો કયારો
વાહ ધન્ય સફળ થયો જન્મારો—ફાલ્યો૦
નિત્ય નવોઢા નાર હું યારો નવિન કરૂં
પૌંડ ગીની નોટથી ખીસ્સાં ભરછક ભરૂં
સૌથી અમારો પંથ ન્યારો—ફાલ્યો૦
નયન કટારી મારી, યારનો શિકાર કરૂં,
પ્રેમી વિના નહિં કોઇની પરવા ધરૂં;
સૌથી અમારો પંથ ન્યારો—ફાલ્યો૦

ડેન્શર્સ— ૩૬

Agrin, again, again & again
અગેઇન, અગેઇન, અગેઇન એન્ડ અગેઇન
I want to be single again
આઇ વૉન ટુ બી સીંગલ અગેઇન

When I was singe my pocket did gingle
વ્હેન આઇ વૉઝ સીંગલ માય પોકેટ ડીડ જીંગલ
I want to be single again.
આઇ વોન્ટ ટુ બી સીંગલ અગેઇન
I married a wife then (2)
આઇ મેરીડ એ વાઇફ ધેન (૨)
I married a wife for the pleasure of life
આઇ મેરીડ એ વાઇફ ફોર ધી પ્લેઝર ઓફ લાઇફ
Yet I want to be single again
(યેટ) આઇ વોન્ટ ટુ બી સીંગલ અગેઇન

સર્વે—

૩૭

આનંદના અબ્ધિમાં નાહ્યા
આનંદ મંગલ જયજયકાર
પ્રેમતણા પરિમલથી પામ્યા,
પ્રેમતણી પ્રભુતાનો સાર
દંપતિ મિત્રતણું સંમેલન
થયું પ્રેમે તર્યા સંસાર
જન મંડળમાં પ્રેમ પ્રકાશી
પડો પ્રેમતણા પોકાર—આનંદના૦

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી કંપનીના નીચલા નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કિંમતે રોકડેથી મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ચોપડીનું નામ.	કીંમત.
બીલ્વમંગલ ઉર્ફે સુરદાસ.	૦—૨—૦
શ્રી ભક્તિવિજય...	૦—૨—૦
સુરેખા હરણ	૦—૨—૦
નાગર ભક્ત	૦—૨—૦
નીલમ—માણેક...	૦—૨—૦
મનહર—મેના	૦—૨—૦
યોગકન્યા...	૦—૨—૦
મહાશ્વેતા—કાદમ્બરી	૦—૨—૦
રજની—ચંદ્ર	૦—૨—૦
જાહરે શમશીર...	૦—૨—૦
શ્રી જયમતી	૦—૨—૦
માતૃપીતૃ ભક્ત પુંડરીક	૦—૨—૦
ઉર્વશી—પુરૂરવા	૦—૨—૦
હોથલપદમણી...	૦—૨—૦
જેસલ તોરલ	૦—૨—૦
બીરબલ બાદશાહ	૦—૨—૦
ચંદ્ર પ્રભા	૦—૨—૦
પ્રવીણ—સાગર	૦—૨—૦

માલીક—વી. એચ. મનીપુરીઆ.

શ્રી વિજય ગૌતમ નાટક સમાજ.